## કોંગ્રેસના વિજયી ઉમેદવારો



# સ્નેક રેસ્ક્યુઅર તુષાર પરીખ બન્યા "આપ"ના એકમાત્ર વિજેતા ઉમેદવાર

**સે. ૧૪માં રહેતા પ્રકૃતિપ્રેમી યુવાન તુષાર પરીખે સતત વોર્ડના નાગરિકોની પ્રાથમિક સમસ્યાઓ ઉકેલવા કાર્યરત રહીને 'આપ'ને ગાંધીનગરમાં એન્ટ્રી અપાવી**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં આપ આદમી પાર્ટીએ ખુબજ આક્રમક પ્રચાર




સાથે સૌનું ધ્યાન ખેંચવામાં સફળતા મેળવી હતી પરંતુ તેને મતમાં રૂપાંતરિત કરવામાં આપ પાર્ટી થોડીક પાછળ રહી જતાં મનપાની ચૂંટણીના પરિણામોમાં તેને નિરાશા પ્રાપ્ત થવા પામી છે.

જો કે આમ આદમી પાર્ટીને ગાંધીનગર મહાનગર પાલિકામાં એકમાત્ર બેઠક અપાવીને એન્ટ્રી કરાવવામાં સફળતા અપાવનાર ઉમેદવાર વોર્ડ નં. ૬ના યુવાન તુષાર પરીખ છે જેઓએ શરૂઆતથી જ વોર્ડમાં પ્રજાલક્ષી સમસ્યાઓ પ્રત્યે ધ્યાન આપીને તેને ઉકેલવામાં અંગત રસ દાખવ્યો હતો જેનો તેમને ફાયદો મળ્યો છે.

તુષાર પરીખ અનુસૂચિત જાતિમાંથી આવે છે અને વોર્ડ નં. ૬ માં તમામ બેઠકો સામાન્ય વર્ગની હોવા છતાં આપની પસંદગીને આજે તેમણે યથાર્થ ઠેરવી દેખાડી છે. વોર્ડ નં. ૬ વમાં સેક્ટર-૧૪ ખાતે રહેતા તુષાર પરીખ શિક્ષિત યુવાન હોવા સાથે પ્રકૃતિપ્રેમી તેમજ વન્યજીવ પ્રેમી છે, તેઓ શહેરની સ્વૈચ્છિક સંસ્થા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ સાથે સંકળાઈને સ્નેક રેસ્ક્યુ સેવા કાર્ય કરે છે એટલું જ નહીં પરંતુ યુવાનોને સ્નેક રેસ્ક્યુની તાલીમ પણ આપે છે.

તુષાર પરીખે વિજય મેળવ્યાં બાદ વોર્ડ નં. ૬ માં આમ આદમી પાર્ટીના એજન્ડા મુજબ કાર્યરત બનવા સાથે નાગરિકો પાસે સામેથી જઈને તેમની સમસ્યાઓ જાણી તેને ઉકેલવા કાર્યરત રહેવાનો નિર્ધાર જાહેર કર્યા હતો.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ અમે પણ સામા પક્ષની જેમ એડી ચોટીનું જોર લગાડ્યું હતું પણ, એ લોકોએ જરા વધારે લગાવ્યું...!!**

# ગાંધીનગરમાં ભાજપનો ભગવો લહેરાયો

**વોર્ડ નં. ૧ ભાજપ પેનલ વિજયી**



**વોર્ડ નં. ૨ ભાજપ પેનલ તૂટી**



**વોર્ડ નં. ૩ ભાજપ પેનલ તૂટી**



**વોર્ડ નં. ૪ ભાજપ પેનલ વિજયી**



**વોર્ડ નં. ૫ ભાજપ પેનલ વિજયી**



**વોર્ડ નં. ૬ ભાજપ પેનલ તૂટી**



**વોર્ડ નં. ૭ ભાજપ પેનલ વિજયી**



**વોર્ડ નં. ૮ ભાજપ પેનલ વિજયી**



**વોર્ડ નં. ૯ ભાજપ પેનલ વિજયી**



**વોર્ડ નં. ૧૦ ભાજપ પેનલ વિજયી**



**વોર્ડ નં. ૧૧ ભાજપ પેનલ વિજયી**



ગાંધીનગર મહાનગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ વખત ૧૦ વર્ષ બાદ ભાજપે પ્રચંડ બહુમતી સાથે વિજય મેળવ્યો છે. મહાનગરપાલિકાની સ્થાપના બાદ અગાઉની પ્રથમ બે ચૂંટણીઓમાં ભાજપને બહુમતીનું મહેણું હતું. પરંતુ ત્રીજી ચૂંટણીમાં મહેણું ભાગીને ૩/૪ કરતા વધુ બહુમતી મેળવી મહાનગરમાં ભાજપના મૂળિયા ઉંડા કર્યા છે. સાથોસાથ કોંગ્રેસના ગઢને ધરાશયી કર્યો. ત્યારે આપની એન્ટ્રીને બ્રેક મારીને નવો સંકેત ઉભો કર્યો છે. ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણની સેમીફાઈનલમાં ભાજપના ભવ્ય વિજયની સાથે વિધાનસભાની બેઠક પણ હસ્તગત કરવાનો માણેકસ્થંભ રોપ્યો છે. મહાનગરનું સંગઠન, ઝંઝાવતી પ્રચાર અને બુથ મેનેજમેન્ટ વિજયીના મૂળમાં છે. સાથોસાથ ભાજપના ટીમ વર્કને કારણે પ્રતિસ્પર્ધીઓ પરાસ્ત થયા છે. નવનિયુક્ત રાજ્ય સરકાર અને નવનિયુક્ત પ્રદેશ સંગઠનના પદાધિકારીઓનું સીધુ માર્ગદર્શન મહાનગર ભાજપને મળતા વિજય સરળ અને જંગી મળ્યો હતો.

# વોર્ડ નં. ૬ માં ભાજપે કોંગ્રેસનો ગઢ તોડી પાડ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં. ૬ જે અત્યાર સુધી કોંગ્રેસનો ગઢ હતો તેમાં પણ ભાજપે મોટુ ગાબડું પાડીને ત્રણ બેઠકો કબજે કરી છે. વોર્ડ નં. ૬ માં ભાવનાબા વિક્રમસિંહ ગોલ, ગૌરાંગભાઈ વ્યાસ અને પ્રેમલતાબેન મહેરિયાનો વિજય થવા પામ્યો છે.

વોર્ડ નં. ૬ એટલે સેક્ટર-૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭ ઉપરાંત વાવોલનો કુબેરનગર વિસ્તાર અને ગોકુળપુરાનો સમાવેશ તેમાં થતો હોવાથી વિસ્તારની દૃષ્ટિએ ખૂબ જ વિશાળ વોર્ડ છે. આ વોર્ડમાં અગાઉના સિમાંકનમાં બંને વખતે કોંગ્રેસની પેનલ વિજેતા બની હતી અને આ વખતે પણ કોંગ્રેસના મેયર પદ માટે દાવેદાર ગણાતા ઉમેદવાર ત્રીજીવાર ચૂંટણી લડી રહ્યાં હતા. ભાવનાબા વિક્રમસિંહ ગોલને જ્યારે વોર્ડ નં. ૬ માટે ટિકિટ ફાળવવામાં આવી ત્યારે તેમના મનમાં થોડો કચવાટ જરૂર હતો પરંતુ પક્ષનો આદેશ માથે ચઢાવીને તેઓ પ્રચારમાં કાર્યરત બની ગયાં



હતા.

આ સાથે ભાજપના ગૌરાંગભાઈ વ્યાસે સમગ્ર વોર્ડના પ્રચારનું મુત્સદીગીરી સાથે સંચાલન કર્યુ હતુ જે માટે તેમને વોર્ડના પ્રભારી નાઝાભાઈ ધાંધરનું માર્ગદર્શન પ્રાપ્ત થયુ હતુ. વિક્રમસિંહ ગોલના ભત્રીજા ઘનશ્યામસિંહ ગોલે પણ આ વોર્ડમાં સારી મહેનત કરી હતી તે ઉપરાંત વોર્ડના ભાજપ અગ્રણી વિનોદભાઈ ઉદેચાનો પણ સક્રીય ફાળો રહેતા આ વોર્ડમાં ભાજપને ત્રણ બેઠકો સાથે ભવ્ય વિજય પ્રાપ્ત થયો છે. વિજય મેળવવા સાથે જ ત્રણેય ઉમેદવારોએ મતદારો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# વોર્ડ નં. ૪ માં ભાજપની પેનલ જ્યારે વોર્ડ નં. ૩ માં અંકિત બારોટ વિજયી

## વોર્ડ નં. ૩ માં ભાજપના સોનાલી ઉરેન પટેલ, દિપીકાબેન સોલંકી અને ભરતભાઈ ગોહિલ વિજયી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં. ૩ અને ૪ માં ભાજપને જીત મળી છે. વોર્ડ નં. ૩ (સેક્ટર-૨૪, ૨૭, ૨૮)માં પેનલ તુટી છે. જેમાં કોંગ્રેસના ઉમેદવાર અંકિત બારોટ ૫૫૯૮ મતે વિજેતા થયા છે. આ સિવાય ત્રણ ભાજપના ઉમેદવારોની જીત થઈ છે. જેમાં સોનાલીબેન પટેલને ૪૩૪૬ મત, દિપીકાબેન સોલંકીને ૪૨૩૧ મત, ભરતભાઈ ગોહિલને ૪૦૮૭ મતથી જીત મળી છે. જ્યારે વોર્ડ નં. ૪ (પાલજ-ધોળાકુવા)માં ભાજપની પેનલની જીત થઈ છે. જેમાં દક્ષાબેન મકવાણાને ૬૦૬૯ મત, સવિતાબેન ઠાકોરને ૫૭૦૦ મત, ભરતભાઈ દિક્ષિતને ૫૭૦૧ મત, જસપાલસિંહ બિહોલાને ૬૫૬૬ મતથી જીત મળી છે. આમ વોર્ડ નં. ૩ અને વોર્ડ નં. ૪ ના નાગરિકોએ ભાજપને જંગી મતોથી વિજેતા બનાવ્યા છે. વોર્ડ નં. ૩ ગત ચૂંટણીમાં કોંગ્રેસે જીત મેળવી હતી તે આ વખતે ભાજપે આંચકી લીધી છે.

| વોર્ડનંબર | વિજેતા ઉમેદવાર | પક્ષ | મળેલા મત |
|---|---|---|---|
| ૩ | સોનાલીબેન પટેલ | ભાજપ | ૪૩૪૬ |
| ૩ | દિપીકાબેન સોલંકી | ભાજપ | ૪૨૩૧ |
| ૩ | ભરતભાઈ ગોહિલ | ભાજપ | ૪૦૮૭ |
| ૩ | અંકિતભાઈ બારોટ | કોંગ્રેસ | ૫૫૯૮ |
| ૪ | દક્ષાબેન મકવાણા | ભાજપ | ૬૦૬૯ |
| ૪ | સવિતાબેન ઠાકોર | ભાજપ | ૫૭૦૦ |
| ૪ | ભરતભાઈ દિક્ષિત | ભાજપ | ૫૭૦૧ |
| ૪ | જસપાલસિંહ બિહોલા | ભાજપ | ૬૫૬૬ |

# વોર્ડ નં.૭માં વિજેતા ભાજપના ઉમેદવારોએ વોર્ડના વિકાસનો વિશ્વાસ અપાવ્યો

**પ્રેમલસિંહ ગોલે વાવોલમાં હોસ્પિટલ સહિત તળાવના વિકાસનો જયારે કિંજલબેન ઠાકોરે મહિલા સશકિતકરણનો નિર્ધાર વ્યકત કર્યો : સોનલબા વાઘેલાએ પ્રાથમિક સુવિધા પર તો શૈલેષભાઈ પટેલે નર્મદાનું પાણી મળે તોના પર ભાર મૂક્યો**

ગાંધીનગર, તા.૫

આજે ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીના પરિણામોમાં ભાજપનો કેસરિયો સમગ્ર શહેરમાં છવાઈ



જવા પામ્યો છે. શહેરમાં નવા સમાવિષ્ટ કરવામાં આવેલા વાવોલ અને કોલવડાને સમાવતા વોર્ડ નં. ૭માં પણ મતદારોએ ભાજપની પેનલ પર વિશ્વાસનો મત દાખવતાં ચારેય ઉમેદવારોનો ભવ્ય વિજય થવા પામ્યો છે. જીતની ખુશી સાથે ભાજપના ચારેય ઉમેદવારોએ કોલવડા-વાવોલ વોર્ડના સંપૂર્ણ વિકાસની ખાતરી આપી હતી.

ભાજપના વોર્ડ નં.૭ના અગ્રણી ઉમેદવાર પ્રેમલસિંહ ગોલે વાવોલમાં એક હોસ્પિટલના નિર્માણ સાથે વાવોલના તળાવનો વિકાસ તેમજ કોલવડા સહિત સમગ્ર વોર્ડમાં પ્રાથમિક સુવિધા બાબતે કાર્યરત બનવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે મહિલા ઉમેદવાર કિંજલબેન ઠાકોરે વોર્ડના ગ્રામીણ વિસ્તારની મહિલાઓને સ્વનિર્ભર બનાવી મહિલા સશકિતકરણ પર જોર આપ્યું હતું તો શૈલેષભાઈ પટેલે વાવોલ-કોલવડામાં નર્મદાનું પાણી મળતું થાય તે માટે કાર્યરત બનવા પર પ્રાધાન્ય આપ્યું હતું. અન્ય મહિલા ઉમેદવાર સોનલબા વાઘેલાએ પણ વાવોલ-કોલવડામાં આરોગ્ય વિષયક સેવાઓના વિકાસ સાથે સારા રોડ રસ્તા સહિતની પ્રાથમિક સુવિધાઓ બાબતેક કામ કરવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો. વોર્ડનં.૭ના ચારેય વિજેતા ઉમેદવારોએ મતદારોનો આભાર વ્યકત કર્યો હતો.

# રોટરી ક્લબ ઓફ દહેગામ દ્વારા શિક્ષક ધર્મેશ ગજ્જરને 'નેશન બિલ્ડર એવોર્ડ'

ગાંધીનગર, તા. ૫

રોટરી ક્લબ ઓફ દહેગામ દ્વારા શિક્ષક દિન નિમિત્તે શિક્ષક સન્માન કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની રામાજીના છાપરા પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેશકુમાર ડાહ્યાભાઈ ગજ્જરને ઉત્તમ શૈક્ષણિક કાર્ય, શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિ, નાવિન્યપૂર્ણ પ્રયોગો, સામાજિક ક્ષેત્રે ઉત્સાહપૂર્વક સક્રિય યોગદાન તેમજ તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવવા બદલ 'નેશન બિલ્ડર એવોર્ડ' અર્પણ કરી શિક્ષકને બિરદાવવામાં આવેલ.

આ પ્રસંગે શિક્ષણ વિભાગના બીટ કેળવણી નિરીક્ષક તથા તા.પા. શિક્ષણાધિકારી નિરૂબેન, પ્રમુખ પલક શાહ, મંત્રી પ્રતુલ બ્રહ્મભટ્ટ, વસંત પટેલ, ભરત પંચાલ, શિક્ષકો અન્ય રોટરી ક્લબના સભ્યો ઉપસ્થિત રહેલ. શિક્ષકે પોતાના વક્તવ્યમાં સન્માનિત કરી એવોર્ડ આપવા બદલ આભાર વ્યક્ત કરેલ.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧